જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત


# સૂરસંગમ



## અધ્યક્ષ
આઈ.વી.પટેલ
પ્રાચાર્ય

## સંકલન
ગીતાબેન એન. વાંસિયા
સ્મિતાબેન એ. દેસાઈ
હિમાબેન બી. પંડ્યા
દિપીકાબેન જી. ચૌધરી

## ડીઝાઈન-કમ્પ્યુટરાઈઝેશન
જગદીશ એલ..પટેલ
બી.વંદના મૂર્તિ




બાળકને શિક્ષા, સ્પર્ધા અને લાલચથી દૂર રાખો..

- ગિજુભાઈ

INSIDE THIS ISSUE


| | |
|---|---|
| પ્રાચાર્યની કલમે | 2 |
| સુરતનો ઇતિહાસ | 3 |
| ભવનની ભીતરે | 4 |
| જળ બચાવો | 5 |
| નવતર | 6 |
| Let us get Innovative | 7 |
| અમૃત બિંદુ | 9 |
| ગણિત ગમ્મત | 9 |
| સંસ્થા પરિચય | 10 |
| ઝાકળ બિંદુ | 11 |
| જ્ઞાનકુંભ | 12 |
| ઔષધ પરિચય | 13 |
| Thought of the month | 14 |


Volume 1, Issue 1

Date: 18/06/2013

# પ્રાચાર્યની કલમે. .

**આઈ. વી. પટેલ–Principal**

નમસ્કાર !

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત દ્વારા શિક્ષકોની સજ્જતા વધારવા અને પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ‘ સૂરસંગમ’ ઈ-મેગેઝીન દ્વારા શિક્ષકો, વાલીઓ, શિક્ષક-પ્રશિક્ષકો, પ્રશિક્ષણાર્થીઓને વિવિધ યુક્તિ-પ્રયુકિતઓ , નૂતન પ્રવાહો, જ્ઞાન સાથે ગમ્મત, પ્રેરક પ્રસંગો જેવી બાબતોની જાણકારી પ્રાપ્ત થાય અને તેનો શિક્ષણ કાર્ય દરમિયાન ઉપયોગ થાય તેવો ઉમદા હેતુ સમાયેલો છે. આ અંકમાં સુરતનો ઇતિહાસ, ભવનના બે માસના કાર્યક્રમો ,અમૃતબિંદુ અને ઝાકળબિંદુમાં પ્રેરક પ્રસંગો, ગણિત ગમ્મતમાં ગણિતના કોયડા , શૈક્ષણિક સંસ્થાનો પરિચય તથા જળ બચાવોની પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઈ-મેગેઝીન બાળકો, શિક્ષકો અને વાલીઓને વિવિધ તબક્કે ઉપયોગી થઇ શકે તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. બાળકો સમક્ષ ઈ-મેગેઝીનનું વિષયવસ્તુ વિવિધ યુકિત-પ્રયુકિતથી રજૂ કરી શકાય તેમજ બાળકોમાં મૂલ્યોનું સવર્ધન કરી શકાય તેવા પ્રયત્ન કરવામાં આવ્યા છે. સૂરસંગમમાં રજૂ થતા લેખો સી.આર.સી.-બી.આર.સી. કક્ષાએ થતા કાર્યક્રમમાં તથા શાળા કક્ષાએ પ્રાર્થના સંમેલનમાં આપની રીતે રજૂ કરી શકાય તેવો આશય રહેલો છે જેના દ્વારા ગુણવત્તા-સુધાર કાર્યક્રમ કરી શકાય.

ઈ-મેગેઝીન માટેના આપના પ્રતિભાવો તથા સૂચનો આવકાર્ય છે. આપના પ્રતિભાવો અમને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરા પાડશે. આપના સૂચનો મેગેઝીનને વધુ સમૃદ્ધ બનાવવા બળ પૂરૂં પાડશે.

# નવનિર્મિત ભવનના ઉદઘાટન પ્રસંગે. .

**તારીખ: 15/12/2011**



# સુરતનો ઇતિહાસ. .

સંજય એસ બારડ Sr. Lecturer–PSTE

સુરત શહેર તેજસ્વી ઇતિહાસ ધરાવે છે જેનો ઈતિહાસ ૩૦૦ બી.સી. સુધી પાછળ લંબાયેલો છે. શહેરના મૂળ ઈ.સ.૧૫૦૦ દરમિયાનના જૂના હિન્દુ નગર સૂર્યપુર સુધી છે. ૧૭૫૯માં, બ્રિટિશ શાસકોએ ૨૦મી સદીની શરૂઆત સુધી પોતાના નિયંત્રણમાં લીધુ હતુ. આ શહેર તાપી નદી પર સ્થિત છે અને અરબી સમુદ્ર સાથે ૬ કિ.મી. લાંબો દરિયાઇ પટ્ટો ધરાવે છે. આ કારણે, આ શહેર એક મહત્વના વેપાર કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું હતું. ૧૬,૧૭મી અને ૧૮મી સદીમાં દરિયાઇ વેપાર મારફતે સમૃદ્ધિ મળી હતી. સુરત ભારત અને અન્ય ઘણા દેશો વચ્ચેની સૌથી મહત્વપૂર્ણ વેપાર કડી બન્યુ હતું અને ૧૭મી અને ૧૮મી સદીઓમાં બોમ્બે પોર્ટના ઉદય સુધી સુરત સમૃદ્ધિની ઊંચાઇ પર હતું. સુરત પણ જહાજ નિર્માણ પ્રવૃત્તિઓ માટે વિકસતું જતું કેન્દ્ર હતું. અઠવાલાઈન થી ડુમસ સુધી સમગ્ર તાપી કિનારો ખાસ જહાજ માટે હતો. સુરતે ટ્રેડીંગ પ્રવૃત્તિઓ સાથે સાથે ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વૃદ્ધિ (ખાસ કરીને કાપડ) કરી છે.

⇒ ૧૬૧૨માં બ્રિટીશ કંપનીએ વેપાર અને વાણિજ્ય માટેના કેન્દ્ર માટે કોઠીની સ્થાપના કરી હતી.

⇒ ૧૬૧૪માં સર થોમસ રોએ સુરતની મુલાકાત લીધી હતી અને બાદશાહ જહાંગીર બેઠક દ્વારા પૂર્વ ભારત કંપની માટે વેપાર કરવાનો અધિકારો મેળવ્યા.

⇒ ૧૬૬૪માં શિવાજીએ પ્રથમ વખત સુરત પર આક્રમણ કર્યું.

⇒ ૧૮૦૦માં બ્રિટિશરોએ નસિરૂદ્દીન શાસન દરમિયાન સમગ્ર સુરતને પરાજિત કર્યુ.

વધુ આવતા અંકે . . .







# ભવનની ભીતરે

હેમંત એસ રાઠોડ Sr. Lecturer– P&M

**છેલ્લા બે માસમાં યોજાયેલ તાલીમ/કાર્યક્રમો**

**મૂલ્યવર્ધક સંપૂટ રચના વર્કશોપ:**

બાળકોમાં વિવિધ મૂલ્યો પ્રસ્થાપિત થાય તે હેતુસર તા. 16/04/2013 ના રોજ શિક્ષકો માટે ડાયેટ ખાતે વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં શિક્ષકોએ વિવિધ દિવસોના વ્યક્તિ વિશેષ/મૂલ્યોને ધ્યાને લઇ સમગ્ર વર્ષ દરમ્યાનની માહિતી ડાયેટ લેકચરર્સના માર્ગદર્શન હેઠળ તૈયાર કરી હતી.

**GAP-7 કામગીરી:**

- GAP-7 દ્વિતીય સત્ર પ્રશ્નપત્ર પ્રમાણીકરણ અંતર્ગત કામરેજ તાલુકાની ૨૦ શાળાઓમાં ધોરણ 3 થી 5 ની કસોટી તથા ડેટા એન્ટ્રી.
- ધોરણ 4 ગણિત અને ધોરણ 5 ગુજરાતીની સિધ્ધિ કસોટીની કલમોનું પૃથકકરણ

**ઇનોવેશન સેલ માર્ગદર્શક બેઠક:**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, દ્વારા કાર્યરત ઇનોવેશન સેલ સંદર્ભે માહિતી પૂરી પાડવા તેમજ ઇનોવેશન સેલ માટે ખાસ શરુ કરાયેલ વેબ સાઈટ પર નવતર પ્રવૃતિઓની નોંધણી અંગે માર્ગદર્શન આપવા માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સુરત-તાપી જીલ્લાના અને કોર્પોરેશનનાં B.R.C/U.R.C. -C.R.C. Co. હાજર રહ્યા હતા.

**વાર્ષિક કામગીરી અહેવાલ વર્ષ 2012-13 :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતની વિવિધ શાખાઓ દ્વારા થયેલ કામગીરીની વિગતો સંકલિત કરી ડાયેટનો કામગીરીનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો.

**મૂલ્યવર્ધક સંપૂટ રચના વર્કશોપ:**

બાળકોમાં વિવિધ મૂલ્યો પ્રસ્થાપિત થાય તે હેતુસર તા. 07/05/2013 ના રોજ સીઆરસી કૉ-ઑર્ડિનેટર માટે ડાયેટ ખાતે **મૂલ્યવર્ધક સંપૂટ રચના** વર્કશોપ યોજવામાં આવ્યો. હતો.



મૂલ્યવર્ધક સંપુટ રચના વર્કશોપ



માન. નિયામકશ્રીની પ્રેરણા મુલાકાત

# જળ બચાવો. .

સંકલન: મોડ્યુલ - જીસીઇઆરટી

## જળ બચતની પ્રવૃત્તિઓ:



**પ્રવૃત્તિ**-1:

**વિષય:** મધ્યાહ્ન ભોજન પછી બાળકોના વાસણો ધોવાથી થતા પાણીના વ્યયને ઓછો કરવો/અટકાવવો.

**વિગત:** બાળકો મધ્યાહ્ન ભોજનમાં જમવા બેસે છે, તે પહેલાં પાણીના નળની નીચે પોતાના વાસણ ધોઈને જમવા બેસે છે અને જમી રહ્યા પછી પોતાના એઠાં વાસણ નળની નીચે સાફ કરે છે.–આં બંને પ્રવૃતિઓમાં ઘણા પાણીનો વ્યય થાય છે. વળી, તે પાણી ઘણી શાળાઓમાં જમીન પર નિરર્થક ઢોળાય છે અને તેનો કશો ઉપયોગ થતો નથી.

**શું કરી શકાય**?

1. મધ્યાહ્ન ભોજનમાં બાળકો જમવા બેસે ત્યારે એક મોટા તપેલામાં કે ડોલમાં પાણી ભરીને તેમાં જ બાળકોના વાસણો ધોવામાં આવે તો પાણીનો ઓછો બગાડ થાય.

2.મધ્યાહ્ન ભોજનમાં જમી રહ્યા પછી વધેલા ખોરાક (એઠવાડ)ને એક વાસણમાં નાખવામાં આવે અને ત્યારબાદ રાખ વડે કે ચોખ્ખી રેતી વડે વાસણને માંજવામાં આવે પછી તે વાસણને પાણીથી ધોવામાં આવે તો પાણીનો ઓછો બગાડ થાય.

**આપણે વિદ્યાર્થીઓમાં કેવી રીતે જાગૃતિ લાવી શકીએ**?

ઉપરોક્ત બાબતને પ્રાર્થના સભામાં કહેવાથી નહી પણ મધ્યાહ્ન ભોજન સમયે બાળકોની સાથે રહીને થોડાક દિવસ પ્રત્યક્ષ સૂચન કે સલાહ દ્વારા આ બાબતને બાળકોમાં ઉતારવી જરૂરી છે. જેનાથી પાણી બચત પ્રત્યે બાળકોમાં જાગૃતતા લાવી શકાય.

**પ્રવૃત્તિ**-2:

**વિષય:** પાણીના ટાંકાના નળમાંથી સીધા નળ વડે પાણી પીવા કરતા ગ્લાસ વડે જોઈએ તેટલા જ પાણીનો ઉપયોગ કરવો.

**વિગત:** શાળાઓમાં પીવાના પાણીના ટાંકા હોય છે. તે ટાંકાઓ સાથે નળ જોડાયેલા હોય છે. આ નળ વડે શાળાના વિદ્યાર્થીઓ પાણી પીવે છે. તે સમયે આખો નળ ખોલીને ખોબા વડે પાણી પીવે છે. તેથી પીવાતા પાણી કરતા પાણી વધુ ઢોળાય છે.

**શું કરી શકાય**?

પીવાના પાણીના ટાંકાની ઉપર અથવા પાસે સ્ટેન્ડ બનાવી તેના પર પ્લાસ્ટિક કે સ્ટીલના ૨૦ થી 25 ગ્લાસ મૂકી દેવામાં આવે અને ગ્લાસ વડે જ પાણી પીવા બાબતે બાળકોમાં જાગૃતતા લવાય તો ઘણા બધા પાણીનો બગાડ અટકાવી શકાય.

# આપણી શાળામાં કંઈક નવું !

દિપીકા જી ચૌધરી Lecturer- IFIC



તાપી જિલ્લાના વાલોડ તાલુકાના ઊંડાણના વિસ્તારમાં આવેલ કોંકણવાડ પ્રાથમિક શાળામાં ૪મી એપ્રિલ 2013નો દિવસ કંઇક વિશિષ્ઠ રીતે ઉજવાયો હતો. આ દિવસે ધોરણ ૮ના વિધાર્થીઓનો વિદાય સમારંભ અને સાથે સાથે અંગ્રેજી દિવસ........

આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો જેમાં બાળકોએ પોતાનો પરિચય અંગ્રેજીમાં આપ્યો હતો. આ ઉપરાંત અન્ય વિવિધ કાર્યક્રમો પણ બાળકો દ્વારા રજૂ કરેલ હતા તે પણ અંગ્રેજીમાં ....જેમાં પ્રાર્થના, ગીત,કવિતા,અભિનય ગીત,પ્રશ્નોતરી વગેરે.

“Preaching of Buddha” એક્મની નાટ્યીકરણ દ્વારા ખૂબ સરસ રજૂઆત અંગ્રેજીમાં કરવામાં આવી હતી જેનો સંદેશ ‘વૃક્ષો બચાવો’ હતું.

આ પ્રસંગે એક પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનો હેતુ પણ અંગ્રેજી શિક્ષણને વેગ આપવાનો હતો. રોજીંદા જીવનમાં ઉપયોગી એવી વસ્તુઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું અને તેના નામ પણ અંગ્રેજીમાં બાળકો જાણે અને તેના સ્પષ્ટ ઉચ્ચાર કરે એવો પ્રયાસ કરવામાં આવ્યો.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના અંગ્રેજી વિષયના શિક્ષક શ્રી હિમાંશુભાઇ પરમારે કયુ હતું. વિજ્ઞાન વિષયના શિક્ષક શ્રી વિપુલભાઇ પરમારે અંગ્રેજી ભાષાનું સાપ્રંત સમયમાં શું મહ્ત્વ છે તે વિશે સમજ આપી હતી. બી.આર.સી.કો.ઓ. શ્રી અશોકભાઇ ચૌધરીએ સૌને ઇનામ દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રાથમિક શાળામાં અંગ્રેજી શિક્ષણ અને બાળકોની સજ્જતા સંદર્ભે જયારે ઘણા પ્રશ્નો ઉભા થતા જોવા મળે છે ત્યારે આ કોકણવાડ શાળા તરફથી થયેલ આ પ્રયાસ ખૂબ સરાહનીય છે.

શાળાના સમગ્ર પરિવારને અભિનંદન.!!!

*આપની શાળાઓની નવતર પ્રવૃતિઓ અહી આવકાર્ય છે.*

## Let us get Innovative. . .

**દિપીકા જી ચૌધરી–બી.વંદના મૂર્તિ**




આપ સહુ જાણો છો કે ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અનેક નવતર કાર્યો થઇ રહ્યા છે. પ્રાથમિક શાળાઓમાં કાર્યરત અનેક શિક્ષકો/શિક્ષિકાઓ, પોતાના કાર્યક્ષેત્રમાં પડતી મુશ્કેલીઓ અને પ્રતિકૂળતાઓને પડકાર સ્વરૂપે ઝીલીને, અંતઃપ્રેરણા અને સ્વપ્રયત્નો દ્વારા આ મુશ્કેલીઓને હલ કરે છે અને પોતે પોતાની માટે નિર્ધારેલા લક્ષ્યાંકોને સફળતાપૂર્વક પ્રાપ્ત કરે છે તેમજ વિધાર્થીઓ અને સમાજમાં શિક્ષક હોવા તરીકેનું ગૌરવવંતુ સ્થાન મેળવે છે .

સમગ્ર રાજયમાં આ પ્રકારના નવતર પ્રયોગો કરવા માટે એક યોગ્ય વાતાવરણ ઊભુ થાય તે માટે રાજયના તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET)માં ડાયેટ ઇનોવેશન સેલની રચના કરી, સબંધિત જિલ્લામાં નવતર પ્રયોગોના વિકાસ માટે કામ કરવાના ઉદેશ્યથી ગુજરાત શૈક્ષણિક નવીનીકરણ આયોગ (GEIC), ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ (GCERT) અને આઇ.આઇ.એમ.અમદાવાદ દ્વારા એક કાર્યક્રમની શરુઆત કરવામાં આવી છે, જે અંતર્ગત રાજયના સરકારી પ્રાથમિક શાળામાં કાર્યરત શિક્ષકો/શિક્ષિકાઓ કે જેમણે નવતર પ્રયોગો કરેલા છે અને તેઓ પોતાના આ કાર્યને રાજયના અન્ય શિક્ષક મિત્રો સાથે વહેંચવા માંગે છે તેમના નવતર પ્રયોગોને દસ્તાવેજ કરી અને વેબસાઇટના માધ્યમથી અન્ય શિક્ષકમિત્રો આ પ્રકારના નવતર પ્રયોગોમાંથી યોગ્ય માર્ગદર્શન મેળવે અને પોતાની સમસ્યાઓનું સમાધન કરી શકે તેમજ પોતે પણ પોતાના ભૌગોલિક વિસ્તાર/વિષય/સમસ્યાને અનુરૂપ નવતર પ્રયોગને વિકસાવવા માટે પ્રોત્સાહિત થાય.

આપ આપના નવતર પ્રયોગ/પ્રયોગો હવે **જુલાઈ-૨૦૧૩** સુધી નીચે મુજબની પ્રક્રિયા દ્વારા સબમીટ કરી શકશો. .

*આપની શાળાઓની નવતર પ્રવૃતિઓ અહી આવકાર્ય છે.*

Education is the best gift you could ever receive, because once you have it, no one can ever take it from you.

Let us get Innovative. . .

દિપીકા જી ચૌધરી—બી. વંદના મૂર્તિ

૧. જો આપ આપના નવતર પ્રયોગ ઓનલાઇન સબમીટ કરવા માંગતા હો તો આપણા જિલ્લાની વેબસાઇટની લીંક નીચે મુજબ છે.

http://www.teachersastransformers.org/innovationcell/surat

૨. જો આપને આપના નવતર પ્રયોગો વેબસાઇટ પર સબમીટ કરવામાં કોઇ મુશ્કેલી પડતી હોય તો આપ આપના નવતર પ્રયોગને માઇક્રોસોફ્ટ વર્ડની ફાઇલમાં, શ્રુતી ફોન્ટમાં ટાઇપ કરી, નીચેના મેઈલ એડ્રેસ પર મોકલી શકો છો.

**મેલ એડ્રેસ**

info@teacherastransformers.org

3.જો ઓનલાઇન ફોર્મ ભરવા કે મેલ દ્વારા આપના નવતર પ્રયોગોની વિગતો મોકલવામાં તકલીફ હોય તો, આપ આપના નવતર પ્રયોગોની વિગતો, સાદા કાગળ પર લખી/ ટાઇપ કરી અને નીચેના સરનામે પોસ્ટ દ્વારા પણ મોકલી શકો છો.

**પોસ્ટ દ્વારા મોકલવાનું સરનામું**

**પ્રો. વિજયા શેરી ચંદ**

વિંગ: 7કે, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ

વસ્ત્રાપુર, અમદાવાદ. પિન: 380015

- આઇ.આઇ.એમ.એ. દ્વારા 100 શ્રેષ્ઠ નવતર પ્રયોગો પસંદ કરવામાં આવશે અને 2013ના વર્ષાન્તે યોજાનાર કોન્ફરન્સમાં તેને પ્રેઝન્ટ કરવામાં આવશે તેમજ આ નવતર પ્રયોગ કરનાર શિક્ષક/શિક્ષિકા/ બી.આર.સી.સી./ સી.આર.સી.સી./કે.નિ.નું પણ સન્માન કરવામાં આવશે.
- આ ઉપરાંત શ્રેષ્ઠ ગુણવત્તાવાળા મહત્તમ સંખ્યામાં નવતર પ્રયોગો જે જિલ્લામાંથી સબમીટ થયા હશે તેવા ત્રણ જિલ્લાઓને પસંદ કરી તેમનું (ડી.પી.ઇ.ઓ./ ડાયેટ પ્રાચાર્ય/ ડાયેટ ઇનોવેશન સેલ કો-ઓર્ડિનેટર) પણ સન્માન કરવામાં આવશે.
- આઇ.આઇ.એમ.એ. દ્વારા 100 શિક્ષકોની પસંદગી ઇ.આઇ. બેંક ફેલોશીપ માટે કરવામાં આવશે કે જેના દ્વારા પોતાના નવતર પ્રયોગને જરૂરી સુધારા-વધારા કરી આગળ વિકસાવી શકે. આ માટેની વધારે વિગતવાર જાહેરાત એકવાર ઇનોવેશનની પસંદગી થઇ ગયા પછી કરવામાં આવશે.

**વધુ માહિતી માટે સંપર્ક**

**દીપિકાબેન ચૌધરી: 9879665394** **બી. વંદના મૂર્તિ: 9925833863**

# અમૃતબિંદુ . .

**શોભના બી. સુરાણી** Lecturer– PSTE


એક વૃદ્ધ  એકલો જઇ રહ્યો હતો. નિર્જન હાઇવે પર, સાંજ થતા ઠંડીથી કાંપતો એ પહોંચ્યો એક લાંબી, ઊંડી અને વિશાળ ખાઇ પાસે, જેમાથી વહી રહ્યુ હતુ પાણી ખૂબ ત્વરાએ.એ વૃદ્ધે એવી કપરી પરિસ્થિતિઓમાં પણ ખાઇ પસાર કરી; એ ગભરાયો નહિ પાણીના પ્રવાહથી,પણ જ્યારે એણે પાછુ વળીને જોયું, ખાઇ પાર કરી લીધા બાદ, અને એ લહેરોની આસપાસ એક પુલનું નિર્માણ કર્યું. 'એ, કાકા', એક સાથી મુસાફરે એ વૃધ્ધને બોલાવ્યો, 'તમે આ બનાવવા માટે વ્યર્થ પ્રયત્ન કરી રહ્યાં છો; તમારી યાત્રા સાંજ ઢળતાં પુરી થઇ જવાની છે; કદાચ પછી તમારે ક્યારેય આ ખાઇ પસાર કરવાની જરૂર નહીં પડે; તમે તો આ લાંબી અને ઉંડી ખાઇ પસાર કરી લીધી છે- છતાં પણ તમે આ ખાઇ પર પુલ કેમ બનાવી રહ્યાં છો?'

એ વૃધ્ધે જવાબ આપ્યો,'વ્હાલા મિત્ર, જે રસ્તેથી હું આવ્યો છું, એજ રસ્તે મારી પાછળ પાછળ આવી રહ્યો છે એક યુવાન, જેણે આ જ ખાઇ પાર કરવાની છે.આ ખાઇ જે પાર કરવી મારા માટે મુશ્કેલ છે,એ યુવાન માટે તો બહુ મોટું જોખમ બની શકે છે.એણે પણ સાંજ ઢળે આ જ ખાઇ પાર કરવી પડશે. મિત્ર, આ પુલ હુ એ યુવાન માટે બનાવી રહ્યો છુ.'

**સંકલિત. . .**

# ગણિત ગમ્મત . .

**જગદીશ એલ. પટેલ** Sr. Lecturer– ET



**આ ચિત્રમાં કેટલા ચોરસ દેખાય છે?**

# સંસ્થા પરિચય . .

રશ્મીકાંત એમ પટેલ Lecturer– CMDE

## રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષક પરિષદ

(National Council for Teacher Education)

૧૯૭૩ પહેલા **NCTE**નું કાર્ય પ્રશિક્ષણ સંદર્ભે રાષ્ટ્રની અને રાજયની સંસ્થાઓને સલાહ આપવાનું હતું. **NCTE** એ **NCERT** એક વિભાગ તરીકે કાર્ય કરતી હતી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ અંતર્ગત શિક્ષક પ્રશિક્ષણ સંદર્ભે જાગૃતતા લાવવા તથા આ અંગેના પ્રશ્નો હલ કરવા માટે **NCTE** દ્વારા રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાની **(NCF- National Curriculum Framework)** રચના કરવામાં આવી.

૧૯૮૬ની શિક્ષણ નીતિ અને પ્લાન ઓફ એકશન ૧૯૯૨ સંદર્ભે **NCTE** ને સ્વાયત્ત સંસ્થા તરીકે કાર્યરત કરવાની જરૂર જણાતા ૧૭મી ઓગષ્ટ ૧૯૯૫થી સ્વાયત્ત સંસ્થા બની.

**હેતુઓ:-**

૧. સમગ્ર રાષ્ટ્રમાં શિક્ષક શિક્ષણ નિતિનું આયોજન અને સંકલન કરવું.

૨. શિક્ષણ-પ્રશિક્ષણ સંદર્ભે નિયમોની જાળવણી અને સંવર્ધન કરવું.

૩. પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, શાલેય અને અશાલેય શિક્ષણ, દૂરવર્તી શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ સંદર્ભે શિક્ષણ-પ્રશિક્ષણને લગતી તાલીમ, સંશોધન, માનવ સંશાધનનો વિકાસ કરવો.

**કાર્યો:-**

૧. શિક્ષક-પ્રશિક્ષણ સંદર્ભે કાર્ય કરતી સંસ્થાઓને માન્યતા આપવી તથા નીતિ નિયમો નકકી કરવા તેમ જ અમલ કરાવવો.

૨. પ્રશિક્ષણ સંદર્ભે કેન્દ્ર અને રાજય સરકારને, યુનિવર્સિટીઓને, યુ.જી.સી.ને આ ક્ષેત્ર અંતર્ગત વિવિધ કાર્યક્રમો સંદર્ભે ભલામણો કરવી.

૩. નવા અભ્યાસક્રમો, ભૌતિક સુવિધાઓ, સ્ટાફ ભરતી, સ્ટાફ લાયકાત સંદર્ભે માર્ગદર્શિકાની રચના કરવી.

૪. શિક્ષણ અને પ્રશિક્ષણ સંદર્ભે મૂલ્યાંકન માર્ગદર્શિકા તૈયાર કરવી.

૫. પ્રશિક્ષણ સંદર્ભે વિવિધ અભ્યાસો અને સર્વે હાથ ધરવા તેમજ તેનું પ્રકાશન કરવું.

૬. શિક્ષક સજ્જતા સંદર્ભે કાર્યક્રમોનું આયોજન કરવું

૭. શિક્ષણ-પ્રશિક્ષણની ગુણવત્તા જાળવવા જરૂરી પગલાઓ લેવા.

NCTE નું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે છે તથા તેના પ્રાદેશિક કેન્દ્ર ચાર જગ્યાએ આવેલા છે.

(૧) ભોપાલ (૨) બેંગલોર (૩) ભૂવને**શ્વર** (૪) જયપુર

ગુજરાત રાજય ભોપાલ(મધ્યપ્રદેશ) પ્રાદેશિક કેન્દ્ર વિસ્તારમાં આવે છે.

**શિક્ષક પ્રશિક્ષણ માટે કઇ કઇ સંસ્થાઓને માન્યતા મળેલ છે તે તથા અન્ય વધુ માહિતી NCTEની વેબ સાઇટ www.ncte-india.org પરથી મળશે.**

# ઝાકળબિંદુ . .

હિમા બી. પંડ્યા Lecturer– PSTE

ચીન દેશની એક લોકવાર્તા છે.

એક પુરુષને એક રાત્રે સ્વપ્ન આવે છે . આ સ્વપ્નમાં દેવદૂત એમને સ્વર્ગની મુલાકાતે લઇ જાય છે.

દેવદૂત એ પવિત્ર પુરુષને સ્વર્ગના એક વિશાળ મહેલમાં લઈ જઈ રહ્યા હોય છે ત્યારે એ એક એવા ખંડમાંથી પસાર થાય છે, જયાં ભોયતળીયેથી લઇને છત સુધી વિવિધ સુંદર ભેટોના ઢગલા પડયા હોય છે.

પવિત્ર પુરુષ ત્યાં થંભી જાય છે અને એ ખંડમાં તાકી રહે છે. એકરોના એકરો સુધી વિવિધ પ્રકારની સુંદર ભેટોને જોઈને એ ચકિત થઈ જાય છે, છેવટે એ દેવદૂતને પૂછે છે.

“ આ ખંડમાં આટલી બધી સુંદર ભેટોના ઢગલા શા માટે કરવામાં આવ્યા છે?”

એ સુંદર દેવદૂત ત્યાં થંભી જઈને નિસાસો નાખતા પવિત્ર પુરુષને સમજાવે છે. “ આ એ ખંડ છે, જયાં લોકો પોતાને જે વસ્તુ પ્રાપ્ત થાય એની પ્રાર્થના કરતા હોય છે એ વસ્તુ એમને પહોંચાડવા અમે અહી સંગ્રહ કરીએ છીએ, પરંતુ અફસોસ કે હજુ તો એમને ચાહેલી વસ્તુ અમે એમને પહોચાડીએ તે પહેલા જ તેઓ પ્રાર્થના અને પ્રયત્ન કરવાનું છોડી દે છે.”


સ્વપ્ન સેવવાં આપણને સૌને ગમે છે બલ્કે જીવનમાં ડગલે ને પગલે આપણે કોઈ ને કોઈ બાબતનાં સ્વપ્ન સેવતા હોઈએ છીએ. કોઈ ઝળહ્ળતી કારકિર્દીના, કોઈ સમાજમાં મોભો અને કોઈ ધંધામાં બરકત તો કોઈ સુંદર જીવનસાથી............

.......પરંતુ ખાટલે મોટી ખોડ છે કે આપણે આપના સ્વપ્નને વળગી નથી રહેતા અને થોડા જ વખતમાં છોડી દઈએ છીએ એના બદલે એ સ્વપ્નને ખંતપૂર્વક વળગી રહીએ અને એને સાકાર કરવા મથ્યા કરીએ તો પ્રભુની સુંદર ભેટ આપણે મેળવી શકીએ.

**સ્વપ્ન એ નથી કે જે ઉંઘમાં આવે, પરંતું સ્વપ્ન તો એ છે જેને સાકાર કરવા આપણી ઉંઘ ઉડી જાય**

**“ ઉઠો જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડયા રહો.”**

સંકલિત. . .






# જ્ઞાનકુંભ . .

સ્મિતા એ. દેસાઈ Sr.Lecturer– DRU

1. મગદલ્લા બંદર કયા જિલ્લામાં આવેલું છે?
2. તાપી જિલ્લાનું ઇકોટુરીઝમ સ્થળ કયું છે?
3. દહેજ બંદર કયા જિલ્લામાં છે?
4. સૂલપાણેશ્વર અભ્યારણ્ય ગુજરાતના કયા જિલ્લામાં છે?
5. ગુજરાતમાં સૌથી મોટી ઔધોગિક વસાહત કયા આવેલી છે?
6. ડાંગ જિલ્લાને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે?
7. ક્રિભકોનું રાસાયણિક ખાતર બનાવવાનું કારખાનું ક્યા આવેલું છે?
8. બારડોલી ક્યા ઉધોગનું કેન્દ્ર છે?
9. પારસી તીર્થો સંજાણ અને ઉદવાડા કયા જિલ્લામાં આવેલાં છે?
10. ડાંગમાં હોળીને શું કહે છે?



જવાબ માટે રાહ જુઓ આવતા અંકની. .



# ઔષધ પરિચય . .

સી.બી. ગામીત Lecturer– PSTE

**વનસ્પતિ(ખાખરો)નો ઔષધિય પરિચય**

**વૃક્ષનુ નામ: ખાખરો, કેસુડો**

**વિવિધ નામો: 1.સંસ્કૃત :** પલાશ, કીંશુક

2. **હિંદી :** ઢાક, ટેસુડાપેડ

**<u>ખાખરાનો પરિચય:</u>** ખાખરો એક મધ્યમ કદનું 5 થી 20 ફૂટ ઊંચું ઝાડ છે. તેનું થડ ગાંઠોવાળું અને વાંકું–ચૂંકું હોય છે. તેના પાન મોટાં, લીલાં, એક સાથે 3 - 3,પહોળાં, ગોળ હોય છે. આ પાનનાં જ પડિયા-પતરાળાં બને છે. ખાખરો અધિકાંશ કેસરી રંગના ફૂલોનો થાય છે. ખાખરાના ફૂલને જ કેસુડા કહે છે. જે રંગને માટે વપરાય છે. ખાખરાના બીજને પીતપાપડો કહે છે.

**<u>ઔષધિય ઉપયોગ:-</u>**

1. **કૃમિ માટે :-** પીતપાપડાનું ચૂર્ણ મધમાં ચટાડવું.
2. **સંધિવા :-** પીતપાપડાનું ચૂર્ણ મધમાં કાલવી સંધિવાના સોજા અને દુ:ખાવાની જગ્યાએ લેપ કરવો.
3. **પેશાબની પથરી :-** ખાખરાનો ક્ષાર ગોખરુંના કાઢામાં પીવો.
4. **આંખ માટે :-** ખાખરાના મૂળમાંથી બનતા અર્કના ટીપાં આંખમાં નાખવાથી આંખની ઝાંખપ,ચશ્મા, અંધતા અને ફૂલું મટે છે.
5. **લૂ માટે :-** લૂ લાગે ત્યારે ગામડામાં ખાખરાના સૂકા ફૂલ (કેસુડા)ને પાણીમાં બોળીને, તે પાણીમાં ધોતીનું સુતરાઉ કપડું બોળી તે કપડાથી લૂ ઉતારવામાં આવે છે.





“Children must be taught

**HOW TO THINK,**

not what to think.”

*Margaret Mead*

District Institute of Education and Training, Surat
Opp. Swapna Shrushti Appt., Jiav-Budia Road, Bhestan, Surat-395023
Phone: 0261-2916003/2616040
E-Mail : dietsurt@yahoo.com
Website: dietsurat.org